કીર્તનાવળી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બાઈ ડાહીબે. નાનાભાઈ અંબારામની દીકરી.

નડીઆદ

સત્યવક્તા પ્રેસ

સને ૧૮૯૦—સંવત ૧૯૪૬

મુલ્ય ૦--૪--૦

૪૪૫૩

ગુરુ મહિમા.

પ્રથમ નમુ ગુરૂ દેવને, જેણે આપ્યુ નીજ જ્ઞાન, જ્ઞાને
ગોવિંદ ઓળખ્યા તેનુ ટળ્યુ દેહાભિમાન. ॥ ૧ ॥
તત્વસાર. ત્રીલોકમાં, ગુરૂ ગોવીંદ એક સ્વરૂપ; આદ્ય
અંત મધ્ય એક છે, હરી ગુરૂ સંત સ્વરૂપ. ॥ ૨ ॥
॥ સાખી ॥ હરી ગુરૂ સંત સદા પદ સેવુ, જેનુ નામ
નીત્ય નિરંતર લેવુ. ॥ ૧ ॥ ગુરૂ ગોવીંદ થકી છે અ-
ધિક, જેની પરમારથ કારણ શીખ ॥ ૨ ॥ ગોવીંદના
સરજ્યા પાડ્યા જીવ જાળ, તેની ગુરૂ મુકિત કરે તતકાળ.
૩ એવા ગુરૂ પુરણપ્રેમદયાળ, પોતાનો જાંણી કરે પ્ર-
તીપાળ. ॥ ૪ ॥ ગુરૂનું જ્ઞાન ગ્રહુ સુખ દેવે, સં-
સાર સમુદ્ર તર્યા ત્રતખેવે. ॥ ૫ ॥ મળ્યા ગુરૂ નાર-
દને સુખરાસી ટાળી, ક્ષણ માત્રમાં લખચોરાસી.
॥ ૬ ॥ ગુરૂ વીના કોઇ ન પાંમે પાર, જેના જશ
ગાય ઉમા ત્રીપુરારી. ॥ ૭ ॥ વીરંચી વ્યાસ વદે ગુરૂ
ઇષ્ટ, ન જાંણે મહીમા પ્રાંણી પાપીષ્ટ. ॥ ૮ ॥ તેને ગુરૂ
દ્રોહી કૃત્યઘ્ની કહીએ, જેણે ગુરૂ ધ્યાંન ધર્યું નહી

હૈયે. ॥ ૯ ॥ ગુરૂને આપ બરાબર જાંણે, તેને જમદુત વૈતરણીમાં તાંણે. ॥ ૧૦ ॥ ગુરૂને ગાળ કાઢે તે કપુત, તેનું મુખ શુળે ભરે જમદુત. ॥ ૧૧ ॥ ગુરૂની સેવામાં ચુક પડાવે, તેને હરી ચક્રની ધારે ચઢાવે. ॥ ૧૨ ॥ ગુરૂની નીંદ્યા સુણે નીરધાર, શીંસુ ગાળી રેડે શ્રવણમાંઝાર. ॥ ૧૨ ॥ ગુરૂની સેજે જે પગ ધારે, તેને ત્રીલોકમાં કુણ ઉગારે. ॥ ૧૪ ॥ ગુરૂને ચરણે નમે નહી શીશ, તેને શત્રુરૂપ જાંણે જુગદીશ. ॥ ૧૫ ॥ ગુરૂ મરજાદા નરાખે જે કોઇ, તે નર રણમાં રાક્ષસ હોય. ॥ ૧૬ ॥ ગુરૂ વીના શાકુટ જેવો સાપ તેનું મુખ હેઠે ચઢે બહુ પાપ. ॥ ૧૭ ॥ ગુરૂ વીના નચરો ફરે નર જેહ, મુવા પછી ઢોર અવતરે તેહ. ॥ ૧૮ ॥ એમ ગુરૂ ગીતામાં કેહે શીવરાય, જેને વેદ શાસ્ત્ર નીરંતર ગાય. ॥ ૧૯ ॥ ગુરૂબ્રહ્મ કેવળ જ્ઞાન સ્વરૂપ, જેને હ્રદે આતમ તત્વ અનુપ ॥ ૨૦ ॥ તત્વમ શ્રી લક્ષ અખંડાનંદ, ત્રીગુણાયતીત ટાળે ભવફંદ. ॥ ૨૧ ॥ હેવા ગુરૂ પ્રેમ કરીને જે પુજે, તેના ઘટ માંહી ત્રીભુવન સુઝે. ॥ ૨૨ ॥

પાંમો પરસાદ ગુરૂનો જે પ્રીતે, જાંણે તેણે જજ્ઞ કર્યા લક્ષ નીતે. ॥ ૨૩ ॥ ગુરૂનું પ્રેમે ચરણોદીક લીધું, તેણે ત્રીલોકનું તીરથ કીધું. ॥ ૨૪ ॥ ગુરૂને પ્રેમે સંતોસ પમાડયા, જાંણે તેણે ચૌદ લોક જમાડયા. ॥ ૨૫ ॥ ગુરૂની પ્રકંબા કરી લાગ્યો પાય, તેહેને સરવે સાધન સેજમાં થાય. ॥ ૨૬ ॥ એવા ગુરૂ જાંણીને આવ્યો શરણ, નીવારોનાથજનમને મરણ; પાંમ્યો બહુ દેહ ધરીને દુઃખ, હાવે હરી આપો અવીચળ સુખ. ॥ ૨૮ ॥ પીડાઓ પારવનો મહરાજ, રાખો હરી બાહ્યગ્રહાની લાજ. ॥ ૨૯ ॥ જેશો અપરાધ હમારા ઇશ, તારે કો કાળે હું કંમ તરેસ. ॥ ૩૦ ॥ જ્યારે નીજ માતા બાલકને મારે, તારે તેને બીજું તે કાંણ ઊગારે. ॥ ૩૧ ॥ અભેપદ બરદ તમારૂ હોય, આવે શરણે તેને હણે નહી કોય. ॥ ૩૨ ॥ તમો ગુણ ગાતાં જો કરમ ન નાસે, તારે કોણ ચરણ તમારા ઉપાસે. ॥ ૩૩ ॥ રવીને ઉગે રહે અંધકાર, તારે તેને સીદ ઇછે સંસાર. ॥ ૩૪ ॥ પીઉખને પીધે તે રોગ ન જાય, ત્યારે શો અમ્રીતનો

મહિમાય. ॥ ૩૫ ॥ સુરતરૂ સેવે ન ભાગે ભુખ તારે તેહેને કાંણ કહે સુરરૂખ. ॥ ૩૬ ॥ તીરથને નાહે પાપ ન જાય, ત્યારે શો તીરથનો મહીમાય. ॥ ૩૭ ॥ પારસને પરસે હેમ ના હોય, ત્યારે તેને પારસ કહીયે કેમ. ॥ ૩૮ ॥ સિંહને સરણે ગએ જાંબુક ખાય, તારે સિંહ સરણે ગયે શું થાય. ॥ ૩૯ ॥ રાંમ નાંમ લેતાં દમે અજ્ઞાંન, તારે કાંણ કેસે ભલું ભગવાંન. ॥ ૪૦ ॥ કાંમ ક્રોધ લોભ લુટે છે ચોર, તારે શું નાથ તમારૂ જોર. ॥ ૪૧ ॥ ધણીમાં જ્યારે મળે નહી ઢંગ. તેહેની ત્રીયા ફરે ઉગાડે અંગ. ॥ ૪૨ ॥ પ્રતીવ્રતા નારી પતીને લાજ, એવું તમે મનમાં જુઓ મહરાજ. ॥ ૪૩ ॥ પીડા પાંમે દાસ પ્રભુને ખોડ, અમો ઉપર કાળ ચલાવે ચોટ. ॥ ૪૪ ॥ પ્રભુનું ભજન કરતાં જે પીડાય, તેહેનો તમને ખોટા લાગે જાદુરાય. ॥ ૪૫ ॥ આપોનીજ ભગતી સદા ઉમરાવ હરદે ખેડુ ઉજડ ફેર વસાવો. ૪૬ બેચારોને બેરખ નાંમ તમારૂ, તેણે સહુ કારજ થાય હમારૂ. ॥ ૪૭ ॥ ત્યારે ફરી નમ

ન લુટે કોઇ, જ્યારે રખવાળુ હરિનુ હોય. ॥ ૪૮ ॥ આવી પ્રભુ કરો રૂદેમાં વાસ, ત્યારે સહુ થાય અવિદ્યા નાશ. ॥ ૪૯ ॥ વરતાવોને એક તમારી આંણુ, ઉઠાડોને રાંમ રતની ખાંણુ. ॥ ૫૦ ॥ દીનપણુ દુર કરો મહરાજ, હાવે હરી હેતે કરી ઝાલો હાથ. ॥ ૫૧ ॥ બોલાવીને પાસે બેસારોને બાપ, પમાડો છો સીદ હવે પરીતાપ. ॥ ૫૨ ॥ ભમાવો છો શીદ હવે ભગવાંન, દયા કરી દીજે અમે પદ દાંન. ॥ ૫૩ ॥ નાઠે નહી છુટો ત્રીભોવન નાથ, મુકુ નહી શ્યામ તમારો સાથ. ॥ ૫૪ ॥ વેરી મેત્ર બીંહુ બરાબર હોય, તમારો સંઘ ન મુકુ તોય. ॥ ૫૫ ॥ માયાને વારો તમો રામરાય, કેહેને નથી જંપવા દેતી જરાય. ॥ ૫૬ ॥ એહેવું એનું કારમુ કાંમ કઠોર, કરેછે સાંધા વાંધા બહુ જોર. ॥ ૫૭ ॥ હરી ગુરૂ સંતમાં અંતર પાડે, જીવને લાલચ લોભ દેખાડે. ॥ ૫૮ ॥ એને કોઇ જીતે માહા શુરવીર, ડગે નહી ધરમે ધુરંધર ધીર. ॥ ૫૯ ॥ સાગર સાત અંજની નીર, ગોપર ભોમી

તે ગગને સમીર. ॥ ૬૦ ॥ શુન્યમાં પુરણ દેખે સો-
ઇ, તેહેને મ્રત્યુ અમ્રતનું ફળ હોય. ॥ ૬૧ ॥ જાં-
ણે કાંઈ માગશે મારી પાસે, એવું રખે જાતા શ્રી
અવીનાશ. ॥ ૬૨ ॥ રીધી સીધી માહારે ન જો-
ઇએ મુકિત, માગું નહી જોગ સીધીને જુગતી. ॥
॥૬૩॥ માગુ નહી એક છત્રપતિ રાજ, ઇંદ્ર તણા
આસનનું કુણ કાજ. ॥ ૬૪ ॥ ઇછુ નહી અજપદ-
ને કઇલાસ, ન માગુ ગૌલોક વૈકુંઠ વાસ. ॥ ૬૫
॥ પદરજ એક ચઢાવું શીશ, તમારી મેહેર માયા-
ના ધીશ. ॥ ૬૬ ॥ ઇછુ નહી અન્ય પદારથ કાંઇ,
રાખોનીજ ચરણ કમલની છાંય. ॥ ૬૭ ॥ મા-
ગુ પ્રેમ ભકિત સદા સત સંગ, માગુ જશ ગાવા
લીલા અવતાર. ॥ ૬૮ ॥ નડે નહી કોઇ મુને સં-
સાર, રહુનીજ નાંમતણે આધારે. ॥ ૬૯ ॥ પ્રીત-
મ પતીત ઓધારણ નાંમ, તાર્યા કાંઇ કોટી પાંમ્યા-
નીજ ધાંમ. ॥ ૧ ॥ સાખી. ॥ સત સત નાંમ પ્ર-
ભુ તમણું, સદા સત પુરષ વીચાર, કેહે પ્રીતમ
શુદ્ધ ભાવશું; દેજો નીત્ય દેદાર. ॥ ૨ ॥ આય સી-

ખે ને સાંભળે, ધરે નીરંતર ધ્યાંન; કેહે પ્રીતમ નર નારમાં, નહી કોઇ તે સમાંન. ॥ ૬ ॥

૫૬.

એક સેજે કાગળ સતગુરૂ લખે ॥ તેના વીરલા વાંચનહાર કાગળ સતગુરૂ લખે. ॥ ૧ ॥ જ્ઞાન વૈરાગનો દેહ ધર્યોરે, જોગપણાનો જીવ; ભક્તી આભુષણ પેહેરીચાંરે તેને જાણી શકે તે શીવ. કાગળ૦ ॥ ૨ ॥ શીલરૂપી ખડીઓ કર્યોરે. નેમરૂપીરે રૂશનાઇ; કલમ બુદ્ધી સતનીરે માંહી અદ્વૈત અંક ભરાય. કાગળ૦ ॥ ૩ ॥ વીચાર અક્ષર ત્યાં લખ્યારે વીવેકપણાની ઓળ ॥ સુરત નુરતની લીંટી કરીરે તેણે ઉતારી પાટણ પોળ. કાગળ૦ ॥ ૪ ॥ અક્ષર કાંનો માતરારે માયા ઉપર શુન્ય ॥ તેમાં પરી પુરણબ્રહ્મ છેરે તેને નહી ત્યાં પાપને પુન્ય. કાગળ૦ ॥ ૫ ॥ કોટીકોટી પંડિત પચી મુઆરે પડી પડી વેદ પુરાણ ॥ તેમાં

એક અક્ષર ઉકલ્યો નહીંરે ॥ ત્યાં તો થાકીયા જાણ
સુજાણ. કાગળ૦ ॥ ૬ ॥ અંધે અક્ષર વાંચીયારે બેહે-
રે સુણી વાત ॥ મુગે ચરચા બહુ કરીરે એતો વિદેહી
પુરૂષની શાખ. કાગળ૦ ॥ ૭ ॥ જીવ વિના જુક્તિ ર-
ચીરે મન મળ્યો મંગળ ગાય ॥ વસતા વીશંભરે સ
હુ લખ્યુરે પછી કાગળ કોરો કહેવાય. કાગળ સતગુ-
રૂ લખે. તેરના વીરલા વાંચનહાર. ॥ ૮ ॥
પુરૂશોતમ પરીબ્રહ્મ કેવળ પ્રગટીયા જુગમાંય, સત-
ગુરૂ સ્વરૂપે શોભિતારે જગના સુરની ગ્રહેવાને બાંય
વારીજાઉ વારણે. હુંતો લળી લળી લાગુ પાય, અખં
ડ પદ રાય નિગમ નેતી ગાય. વારીજાઉ વારણે૦
॥ ૧ ॥ અધમ જન ઓધારવારે પાવન પગલાં સાર,
ભવજળ સીંધુ તારતાંરે સ્વામી ક્ષણુએ૦ન લાગી વા-
ર. વારીજાઉ૦ ॥ ૨ ॥ દરસને દુકરીત ટળેરે પરસે
પાવન થાય, નીજાનંદ સુખ ઉપજેરે આવરણ અવિ-
દ્યા જાય. વારીજાઉ૦ ॥ ૩ ॥ બ્રહ્મા લે અતિ ભાંમણાં
રે શીવ સનકાદિક ગાય, વિષ્ણવ ને વલ્લભ સહારે મ
હિમા મુખે કહ્યો નવ જાય. વારીજાઉ૦ ॥ ૪ ॥ સંદ

જન તો મરમ ન જાણે આશ્રમ વરણની આડરે, ત્રી-
ગુણમાં તાણ્યો ફરેરે બાંધી જીવપણાની જાળ. વારી-
જાઉં૦ ॥ ૫ ॥ પુરણ પુન્યહોય પાછલાંરે નિત નિમિત
હરિનું ધ્યાન, અનેક જનમને આદરેરે સ્વામી પ્રગટ
મળ્યા ભગવાન. વારીજાઉં૦ ॥ ૬ ॥ સકળ તીરથના
તીરથ સતગુરૂ સકળ દેવના દેવ, ધન ધન તે નર ના-
રનેરે મન કૃમ વચને કરે સેવ. વારીજાઉં૦ ॥ ૭ ॥
કહે અખો અવિચળ પદના દાતા સતગુરૂ સોઇ. કા-
ળ ઝાળ વ્યાપે નહીંરે ફરી જનમ મરણ નવ હોય.
વારીજાઉં વારણે. ॥ ૮ ॥

गरबो.

જ્યારે ભોમી ભાર વધ્યો ઘણો, ભોમી ગઇ બ્રહ્મા-
ની પાસજો; પોહોંચ્યાતા પ્રભુ ખીર સમુદ્રમાં, ત્યાં જ
ઇને આરાધ્યા અવિનાશજો; બ્રહ્માએ ભજન કર્યું ભ-
ગવાતનું. ચોપાઇ. જાગો જાગો શ્રી જગનનાથજી, દુના
યાં બહુ પામેછે ત્રાસજો; કાપો કષ્ટ હમારાં કમળાપતિ,

ઉભા અમર કરે હરિદાસજો. બ્રહ્મા૦ ગમન ગીરા હરી એણીપેરે ઓચર્યા, સુણો સહુ અમર અમારી વાતજો; અવતાર લેઇ સહુ જદુવંશમાં, વસુદેવ પિતા દેવકી માતજો. બ્રહ્મા૦ ગોકુળ લીલા મારે કરવી છે, મુજને વા'લો વ્રજનો સાથજો; ચતુરાનંદ ચિંતા કરશો નહીં, એવું બોલ્યા લક્ષ્મી નાથજો. બ્રહ્મા૦ દેવકી વસુદેવને પરણાવીયાં, કંસે આપ્યાં કન્યાદાનજો, દાન માન દેઇ સંતોકીયાં; પ્રેમે વેંચ્યાં ફોફળ પાનજો. બ્રહ્મા૦ વીર વળાવવા ચાલ્યો બેનને, એટલે વાણી થઇ આકાશજો, એનો અષ્ટમો ગર્ભ તને મારશે, તેનો રાખ રૂદે વિશ્વાસજો. બ્રહ્મા૦ સુણતાં કોપ ચડ્યો ત્યાં કંસને, વસુદેવ સમજાવે બહુ પેરજો; સ્ત્રી બાળક બેનને જે હણે, તેના પાપ તણો નહીં પારજો. બ્રહ્મા૦ પુત્ર થશે તે આણી આપીશું, મન ગમે તે કરજો ભુપ જો; થોડુ શા જીવ્યાને કારણે, ના હણે શ સ્ત્રી બાળ સ્વરૂપ જો. બ્રહ્મા૦ કીરતીમાન્ય કુંવર પે'લો થયો, વસુદેવ લાવ્યા કંસની પાસજો; જોઇ દયાળપની કંસને, રાખ્યો રૂદે દ્રઢ વિશ્વાસજો. બ્રહ્મા૦

અષ્ટમો ગર્ભે આણીને આપજો, બીજાં બાળ હણ્યે શું થાયજો; એટલે નારદજી ત્યાં આવીયા. તુ કેમ બેશી રહ્યોછુ રાયજો. બ્રહ્મા૦ કંસે માંડીને કહી વારતા, નારદ કહે સાંભળ તું ભુપાળ જો; જ્યાં ગણીયે ત્યાંથી થાય અષ્ટમો, એમાં જાણે તારા કાળ જો. બ્રહ્મા૦ આ જાદવ સૌ અમર અવતર્યાં, દેવકી ઉદર વિશ્નુ અવતારજો, એટલુ કહી નારદજી ઉડીયા, કંસને ક્રોધ ચડયો તેણીવાર જો. બ્રહ્મા૦ દેવકી વસુદેવને કાળા ગ્રહમાં નાંખીયાં, ભીંડી ભુંગળ સાંકળ દ્વાર જો; ઉપર ચોકી મુકી ચોસરી, રખે કોઇ આવા જતા લગારજો. બ્રહ્મા૦ ચોકસ રહેજોચીતમાં ચેતીને, બાળક જન્મે કરજો જાણજો; કરાર કરીને બેઠો આસને, રાત દિવસ જમ્પે નહી પ્રાણજો. બ્રહ્મા૦ પાપી લાગ્યો સૌને પીડવા, કંસે માંડયો મહા કલેશ જો; પીડાયા જાદવ જ્યાં ત્યાં થઈ ગયા, રહ્યા જઇ વનમાં દેશ વિદેશ જો. બ્રહ્મા૦ જે જન્મે તે આપે આણીને, બાળક માર્યાંછે બે ચાર જો; સાતમો ગર્ભ ધર્યોછે સેશજી, દંપતી પામ્યાં હરખ અપાર જો. બ્રહ્મા૦ હરીએ હુકમ

કર્યો નીજ માયાને, વેગે કરજો એ વિચાર જો; ગર્ભ
આકર્ષણ કરી જઇ મુકજો, રોયણીજીના ઊદર મોઝા-
રજો. બ્રહ્મા૦ અષ્ટમે આપે નાથ પધારીયા, સુર સૌ
હર્ષ પામ્યા અપાર જો; પુષ્પની વૃષ્ટિ કરે સૌ દેવતા,
જેજે બોલે ગગન મોઝારજો.બ્રહ્મા૦શ્રાવણવદીઉત્તમ
અષ્ટમી, અભિચીત રોયણી ને બુધવાર જો; લગ્ન મ-
હુરત શુભ તે ઘડી, આર્ધનિશાહે હરી અવતાર જો.
બ્રહ્મા૦ દર્શન દીધુ દેવકી વસુદેવને, દંપતિ પામ્યાં
અતિ આનંદજો; મુખડુ જોતાં દુખડુ સૌ ટળ્યુ, ટળી-
યા મોહમાયાના ફંદજો. બ્રહ્મા૦ કીરીટ મુગટ કુંડળ
હીરે જડ્યાં, કંઠે કૌસ્તક મણીના હાર જો; પીત વસ્ત્ર
નવગરૂદામણી, ગદા આદ્ય આયુધભુજ ચાર જો, બ્ર-
હ્મા૦ ચરણ કમળ સેવે સિંધુસુતા, પદરજ વંદે અજ
ઇંદ્ર જો; મંદમંદ હાસ્યે હરિ એમ બોલીયા, તમે ત-
પ કર્યું વરસ બાર હજાર જો. બ્રહ્મા૦ તપ કરી મુજ
પાસે વા માગીયો, તે અર્થે લીધો અવતાર જો; હવે
રખે શત્રુનો ભય રાખતા, થોડે દહાડે થશે સંહારજો.
બ્રહ્મા૦ ગોકુળ લેઇ ચાલો ચાંપે કરી, નંદ જસોદા-

જીને દ્વાર જો; મુજસાટે માયાને લાવજો, તેમ કોઇન
જાણે નીરધારજો. બ્રહ્મા૦ એટલુકહીહરીશીશુરૂપેથયા,
જેનો કોઇનપીછેપારજો; વસુદેવલઇચાલ્યાવેગેકરી,
ભાગી ભુંગળ ઉઘડ્યાં દ્વારજો. બ્રહ્મા૦ સૌ ઉપર નાં
ખી માયા મોહની, નીંદ્રાવશ ઘોરે સંસારજો; રવી ત
નયાની તીરે આવીયા, વસુદેવ પ્રેમે ઉતર્યા પારજો.
બ્રહ્મા૦ ચાંદે આવી અજવાળુ કર્યું, ઇંદ્રે કીધી અમ્રત
ધાર જો, માયાએ આવીને ઓથો કર્યો; તે દિન બા-
વન વર્ષ અગીયાર જો. બ્રહ્મા૦ વસુદેવ ગોકુળમાં પ-
ધારીયા, આવ્યા નંદરાયને દ્વારજો; જસોદાની સે
જમાં પધરાવીયા, તે કોઇ જાણે નહી નિરધાર જો.
બ્રહ્મા૦ સુત મુકીને ત્યાં લીધી સુતા, ત્યાંથી વેગે વ-
ળ્યા વસુદેવ જો; આવ્યા તેમ પાછા પગલે ગયા,
મધુપુર જઇ પહોચ્યા તતખેવ જો. બ્રહ્મા૦ જે જેમ
હતુ તે તેમ થઇ ગયુ, એટલે સુરજ થયો પ્રકાશ જો.
જ્યારે રોવા લાગી બાળકી; ત્યારેજાગ્યા સૌ રખવાળ
જો બ્રહ્મા૦ ચાંપે જાહેર કર્યું જઇ કંસને, જેને જીવ્યા
નું છે જતનજો; ઉઠી આવ્યો ત્યાં ઉતાવળો, કન્યા

દીઠી રૂપરતનજો. બ્રહ્મા૦ કાલાવાલા કરે બહુ દેવકી, આટલી રહેવા દેને બાળ જો, જોરે ઝુંટી લીધી હાથથી, પટકે સહ્લા ઉપર તતકાળજો. બ્રહ્માએ૦ ॥ દેવી ઉડી ગઇ આકાશમાં, ગગનેઃ જઇને બોલી વાણીજો; મુજને શું મારે છે મુરખા, તારો વેરી વ્રજમાં જાણજો. બ્રહ્માએ૦ ॥ કંશે કરવા માંડી શોચના, રૂદયા દુઃખ પ્રગટ્યું અપારજો; ગોકુળમાં ગોપાળે લીલા કરી, ઓછવ નંદરાયને દ્વારજો. બ્રહ્માએ૦ ॥ પુત્ર વધાઈ આપે નંદજી, હીરા હીમ વસ્ત્ર સણગારજો; ઘેર ઘેરથી આવે સૌ ગોપીકા. પ્રગટ્યો પ્રેમ રૂદય અપારજો. બ્રહ્માએ૦ ॥ ચતુરા ચોક પુરાવે મોતીએ, નવરંગ તોરણ બાંધ્યાં દ્વારજો; કેશર કુમકુમ છડા દેવરાવીયા, મંગળ ગાન કરે વ્રજ નારજો. બ્રહ્માએ૦ ॥ દધિ કાદવ કીધો નંદજીને આંગણે, નાચે ગોવાળ કરે રસગાનજો; શોભા સુંદર સાગર શામળો, અંગપરવારૂ કોટી અલંકારજો. બ્રહ્માએ૦ ॥ સોવ્રણફુલે વૃજ ફુલી રહ્યું, ઘેર ઘેર આનંદ ગીત ગવાયજો, જોતાં ધન ધરતીમાં

ઉલટયુ, ભોમી રત્નમણી છવાયજો. બ્રહ્માએ૦ ॥ ગં-
ગા આદ્ય તીરથ વ્રજમાં વસે, શંકર આદે સરવે દે-
વજો; આપી અવીચળ વસ્તુ ઇંદ્રે કરવા નીજ પતી
કેરી સેવજો. બ્રહ્માએ૦ ॥ બાળ ચરીત્ર કરે બહુ પેર
શુ, નિત્ય નિત્ય નૌતમ નંદકીશોરજો; સુનાં ધામ
દેખીને સંચરે, નામ ધર્યું માખણ ચોરજો. બ્રહ્માએ૦
કંસે મોકલી મારી પુતના, લીધુ લક્ષ્મીકેરૂ રૂપજો;
સ્તનપર ઝેર હળાહળ ચોપડી, હણતી બાળક વૃંદ અ
નુપજો. બ્રહ્માએ૦ જોતી આવી નંદજીને આંગણે, કેહે
દેખાડો તમારો બાળજો; જશોદા ઘર કાજ કરતાં હ
તાં, પારણે પોઢયા લાલ ગોપાળ જો. બ્રહ્માએ૦ લઇ
ધવરાવવા બેઠી લાલને, ધાવતાં સોશીલીધા પ્રાણજો
પાડી ચીસ પડી પૃથ્વી વિશે, એણીપેરે કરી નિશાચ
રીનાશજો. બ્રહ્માએ૦ રાઇ લુણ ઉતારે જશોમતી આ
જુઓને આતે શું કહેવાય જો; હજુ હીંડતાં તો એને
આવડયુ નથી, પડેગડે ને ઉભો થાયજો. બ્રહ્માએ૦
લાખ ઓળંભા લાવે લોકના, ઢોળે ફોડે મહીનાં માટ
જો; યમળા અર્જુન સુત કુબેરના, ઊધાર્યા ગયા સ્વ

ર્ગનીવાસ જો. બ્રહ્માએ૦ જશોદા મોતીહાર પરોવનાં, મુઠી ભરી લીધાં મોરાર જો; મોતી કેરાં ઊછેર્યાં ઝાડ વાં, આપવા વ્રીજ જુવતીને શણગારજો. બ્રહ્માએ૦ અગભગ ધેનુ વછાસુર મારીયો, શંખ*ચુડ કેશીવૃસ ભાસજો; હરીએ રાખ્યાતેને રઝળતા, આપ્યો ચરણ કમળનીવાસજો. બ્રહ્માએ૦ જળજુમનાથીકાળીકાઢયો નાથે નીરમળ કીધુ નીરજો; જુવતી જળ જુમનામાં કદમે ચઢીને ચોર્યાં ચીરજો. બ્રહ્માએ૦ સોસો પ્રણામ સુરજને કરાવીયા, દોષ નીવાર્યો સુંદર શ્યામજો. વરૂણ ઘેરથી નંદ છોડાવીયા, વૈકુંઠ દરશાવ્યુ જમનાં તીર જો. બ્રહ્માએ૦ ઇંદ્રે કોપ કર્યો વ્રજ ઉપરે, ત્યારે ધરીયો ગોવરધનજો; હાથ છાયા છબીલાજીએ કરી, વેણ વગાડી રમાડયા રાસજો; તારૂણી કેરા તાપ શમાવીયા, સુખડુ આપ્યુ સુંદરશામજો. બ્રહ્માએ૦ વૃજની લીલા વરણવી કોણ શકે, જો મળે કોટી સારદા શેષ જો; નીગમ નીરંતર ગાયછે, તો એનો પારન પામે લેશજો. બ્રહ્માએ૦ એટલે નારદજી ત્યાં આવીયા, પ્રભુને કહી સંક્ષેપે વાતજો; આગળ કાંમ કરવાં છે,

ઘણાં, હજુ કેમ બેશી રહ્યા છો નાથજો. બ્રહ્માએ૦ ॥
પાપી પરીયટને સંઘારવો; કરવું માળીનું કલ્યાણ
જો, કુબજાકેરૂ ચંદન લેવું છે, લેવા પાપી કંશના પ્રા-
ણજો. ॥ બ્રહ્માએ૦ વસુદેવ દેવકી કેરાં બંધન છોડા-
વવાં; વીદ્યા ભણવી સંદિપ ઘેરજો, જોરે જરા સંધને
જીતવો; કરવો કાળયવનનો સંહારજો. બ્રહ્માએ૦ ॥
દરીઆ તીરે રચવી દ્વારકાં; શોભા શકળ શીરો-
મણી સારજો, શોળ સહસ્ત્ર એકશોને આઠ પરણવી,
કરવો છે વડો પરીવારજો. બ્રહ્માએ૦ ॥ પ્રેમે પારથનો
રથ હાકવો; રચવો મહાભારતનો ઠાઠજો, એટલું કહી
નારદજી ઉઠીયા, ગયા બ્રહ્મ લોકનીવાસજો, કંશે અ-
કરૂડ તેડવા મોકલ્યો, આવ્યો નંદરાયને દ્વારજો. બ્ર-
હ્માએ૦ ॥ કંશે તમ સુત સહીત તેડાવ્યા; લીધું ધ-
નુર જાગનું નામજો, ગમતું થાશે કંઇ ગોવીંદનું
કંશને મળ્યાનું છે કામજો. બ્રહ્માએ૦ ॥ નંદજી સ-
હીત ગોવાળીયા; રથમાં બેઠા કેશવરામજો. રથ રોકી-
ને રાધાજી રહ્યાં, નહીં જાવા દઉં સુંદર શામજો. બ્ર-
હ્માએ૦ સર્વે વીંટઇવળી વૃજ સુંદરી; જો સાચો

અભીક સ્નેહજો, પ્રાણ અમારા સાથે ચાલશે, એમાં કંઈ નહીં સંદેહજો. બ્રહ્માએ૦ ॥ પ્રેમગોષ્ટી કરી સૌ સમજાવ્યાં; ચાલ્યા કઠણ કરીને મનજો, અકરુર જુમનામાં નાવા ગયા, જળમાં દીઠા જગજીવનજો. બ્રહ્મા૦ ॥ પ્રથમ પરીઅટની પુજા લીધી; સર્વે શણગાર્યા ગોવાળજો, માર્ગે માળીએ પુષ્પ ચડાવીયાં, મુકતી આપી દીનદયાળજો. બ્રહ્માએ ભજન કર્યું ભગવાનનુ॥ કુબજા કેરૂચંદન લીધુછે; કીધુ કમળા સરખુ રૂપજો, ધનુષ યાગમાં જોદ્ધા બહુ હણ્યા, ત્યારે ભય પામ્યો ભુપાળજો. બ્રહ્માએ૦ ॥ કોળીઆ કુંજર સટ પછાડીયા; માર્યા ચારણ મુષ્ટીક મલજો, આવી રાજસભામાં ઉભા રહ્યા, કંસને કેશ ગ્રહી પટકયો શલ્યજો. બ્રહ્માએ૦ ॥ માત પીતાનાં બંધન છોડાવીયા; જઇને પ્રેમે લાગ્યા પાયજો, પુરવાશીના શોક શમાવીયા, ઘેર ઘેર આનંદ ગીતગાય બ્રહ્માએ૦ લોકીક વિદ્યા ભણ્યા સંદીપની, આણી આપ્યો મૃતક બાળજો, જોરે જરાસંધને જીતીયો, કીધો કાળ યવનનો કાળજો. બ્રહ્માએ૦ ॥ દરીયા તીરે વાસી દ્વારીકાં; પરણીયા સોળ

સહસ્ત્ર એકસો આઠજો, પ્રેમે પારથનો રથ હાકીયો ઠાઠયો મહાભારતનો ઠાઠજો. બ્રહ્માએ૦ ॥ એણીપેરે ભોમી ભાર ઉતારીયો, લીલા કીધી અનંત અપારજો પ્રીતમ સરખા પતીત ઓધારીયા, એવા અશરણા શરણ મોરારજો. બ્રહ્માએ૦ ॥ મહિમા મોટો જદુરાયનો; સદાસંધેસરમાં વિલાસજો, ગરબો ગાય શીખે ને સાંભળે તે પ્રાણી વૈકુંઠ જાયજો. બ્રહ્માએ ભજન કર્યુંરે ભગવાનનું૦ ॥ રામ રામ રામ

महिना.

કારતક માસે કેકઇ કામની, મંદીર પધાર્યા દસરથ રાયજો; કબુધી કેકાઇ અણીપેરે બોલીઆં, આજ હું કહુ તે કહ્યાં થાયજો. મુખડે વચન બોલ્યાતે પાળીએ, રાઅજી માગુ એક વચનજો; મારા ભરતને રાજ બેસાડીએ, તમારા રામજી જાએ વનજો. મુરછા થઇછે દસરથરાયને, રાયજી મુખડે નવ બોલા-

યજો. મારા પ્રાણજીવન રઘુનાથજી, વન જાઓ! એવું કેમ કહેવાયજો; વીજોગ રામતણો કેમ સેહેવારો, નિશ્ચે જશે અમારા પ્રાણજો. પ્રભાતે મહૂરત રાજ આસનનું; વેદ વચન બોલ્યા પરીમાણજો. એવી ખબર થઇ રઘુનાથને, તતબર થયા તેણી વારજો; વચન પાળવા દસરથ તાતનાં, સ્વાગી જીવણના શ્રી રઘુનાથજો; કબુદ્ધી કેકઇ એણીપેરે બોલીઆં, એ હરીએ પુર્યો વનમાં વાસજો. ॥૧॥ માગસર માંસે મંદીર મેલીને,રામજીએ વન કર્યો પ્રવેશજો; પુરનાં નર નારી સૌ રૂદન કરે, સીતાજી છે બાળે વેશજો; વનમાં એકલડાં એ કેમ રહેશે, જનક દુલારી રાજકુમારજો; ભોમી પશુ પક્ષિનો ભે ઘણો, કેમ કરી રેહેશો માહા વન મોઝારજો; રામ લક્ષ્મણ બે ભાથા ભીડીઆ, યજ્ઞ કર્યો ત્રીલોકી નાથજો, રથમાં બેઠાં સીતા રામજી, પુરના લોક મળ્યા સૌ સાથજો; લક્ષ્મણ સર્વેને કહે ઘેર વળો, મુજપર રાખો સર્વે મેહેરજો, મારે ચૌદ વરસની આજ્ઞા, તેમાં ઘડી ઓછી નવ થાય જો. સ્વામી જીવણના શ્રી રઘુનાથજી, એ હરીએ

વનમાં પુર્યાં વાસજો. ॥૨॥ પોસમાસે પ્રભુજી પરવર્યા, વનની વાટે સીતા રામજો; રથ પાછો વાળ્યો રઘુનાથજી, આવ્યા ઘો રાજાને ગામજો; ઘો રાજાએ સુંદીર સેવા કરી, ઓળખીયા ત્રીલોકી નાથજો; મુસ્તક મુગટ બનાવ્યા કેશના, રામ લક્ષ્મણ બે બન્ને ભ્રાતજો; મારે ચાર દિવસ રહી ચાલવુ, આવ્યા ચિત્રકોટ વિશ્રામજો; ચિત્રકોટની સુંદીર ભોમિકા; આસન બનાવ્યાં લક્ષ્મણ વીરજો; ગંગા ત્રવેણી ને કાનચીકા, એનાં અમ્રીત મીઠાં નીરજો; ત્યાં બિરાજે શ્રી રઘુનાથજી, વનફળ લાવે લક્ષ્મણ વીરજો; જેને અગમ નીગમ કરી ગાય છે, દરશન દેવતાને દુર્લભજો; સ્વામી જીવણના શ્રી રઘુ નાથજી, એ હરીએ વનમાં પુર્યા વાસજો. ॥૩॥ માહા માસે માતાજી કૌશલ્યા, ભરત શત્રુઘ્ન જનક સહિતજો; સજન સૌ મળવાને આવીયુ, સૌ મળી કર્યો એક વિચારજો; વન ગયાનાં વચન પાળીયાં, પ્રભુજી કહેછે વારંવારજો; પ્રભુજી પ્રત્યે શ્રી હરી બોલીયા; એણીપેરે બોલ્યા પુરણ બ્રહ્મ

જો; પ્રજા પાળો રૂડી રીતશું, આપણો રઘુકુળ
નો એ ધર્મજો; નયણે નીરને ભરથજી બોલીયા,
સુને મંદિર કેમ રહેવાયજો; ચરણ પાદુકા આ-
પી ભરથને, હવે દરસન કયારે થાશેજો; મારા
પ્રાણજીવણ રઘુનાથજી, સ્વામી જીવણના કયારે
મળસોજો; કહુંથી કેકઇ આણીપેરે બોલીયાં, એ
હરીએ પુર્યાં વનમાં વાસજો. ॥૪॥ ફાગણ માસે
પ્રભાતે ચાલવું, વિદાય કર્યાછે સર્વે સાથજો; નવ
વરસ હરી ચિત્રકોટે રહ્યા, મન ડાકણી ગંગાને
તીરજો; સુંદીર સજ્યાએ પ્રભુ પોઢતા, સ્ફાટીક
સ્તંભ્યાએ રઘુવીરજો; અનશોયાને મંદીર પધારી-
યા, અત્રીમુની થયા આનંદજો; માતા અનશોયા હ-
રખ્યાં ઘણું, સીતાજીને દીધો બોધજો, અમુલ્ય વ-
સ્ત્ર સીતાને પેહેરાવીઆં; આણી મન અતી ઉલ્લા-
સજો; દુઃખ સુખ કાંઈ મનમાં ન લાવીએ; ત્યાંથી
ચાલ્યા આશ્રમ જોધજો, આવી પંચવટીમાં વાસો
કર્યો, મડી બનાવી મહાવન મોઝારજો; વનફળ ખાવા
વનફુળ પેહેરવા, સહન કર્યુંછે ચૌદભોવનમાં નાથજો;

દુખ સુખમાં દિવસ ગાળતા, સ્વામી જીવણુના છો સુજાણજો, ॥ ૫ ॥ ચૈતર માસે ચરિત્ર એક થયું, જેની સુંદરી રૂપ રતનજો, કપટ કરીને આવી એક કામની, મુખડે વાયક એવાં બોલીજો, મારે ઇચ્છા છે વર વરવાની, રામ લક્ષ્મણ વરવાનું મન જો, રામે શામશા કરી લક્ષમણને, એનું છેદન કીધુ નાકજો, રાક્ષણી નાઠી ગઇ લંકાં ભણી, જાગ્યો ભાઇ રાવણ ભુપજો, વનમાં જોગેશ્વર કોઇ આવીઆ, તેની સુઁદરી રૂપ રતનજો, કપટ કરીને રાવણ ઉ-ડીઓ, કારમો મરઘ બનાવ્યો તેણી વારજો, એક મુખે સીતાજીનુ હરણ કરે, બીજે મુખે ચરેછે ચાર જો, એ મરઘો સીતાજીની દ્રષ્ટે પડયો, રામજી મૃગ મારીને લાવોજો, સ્વામી જીવણુનાને સુખ આપીએ, તેનો મને કંચુવો શીવડાવોજો. ॥ ૬ ॥ વૈશાખે વચન સીતાજીનાં સાંભળી, રામજીએ લીધાં ધનુષને બાણજો, રક્ષા કારણ મેલ્યા લક્ષ્મણને, રામજી ગયા મૃઘની પાસજો, મહાવનમાં જઇને મૃઘને મારીઓ, પેહેલે બાણે વીંધ્યાં શરીર જો,

મરતાં મરઘે એમ પોકારીયું, વહારે ધાજો લક્ષ્મણ વીરજો, એવો શબ્દ સીતાજીએ સાંભળ્યો, લક્ષ્મણ ભીડ પડી શ્રી રામજો, લક્ષ્માણ કહે એ કારણ ખોટુ છે, સીતાજી કહે મન ગમતાં થાયજો, કઠણ વચન સીતાજીનાં સાંભળી, લક્ષ્મણ ધનુષ ધરીયાં હાથજો, એટલે જોગી આવ્યો બારણે, ભીક્ષા દોને સીતા નારજો, વનફળ લઇને સીતા આવીયાં, પગ એક મેલ્યો ઉમરા બહારજો, પાવડીએ પાવલા પધરાવીયાં, છળ કરી લેઇ ગયો તેણી વારજો, આકાશમારગે રાવણ લઇગયો, લઇ ચાલ્યો લંકાં મોઝારજો, જઇને મુકયા અશોક વાડીમાં, ત્યાં આવ્યાં મદોદરી નારજો, સીતાજી સંદેસો કોને કહીએ, સાંભળો સતી મંદોદરી નારજો, રામજી માત વચન વન માં ગયા આગળ કરવાં છે બહુ કાજજો, અસુર અનેક જોદ્ધા હણવા છે, કારજાકારણ ધર્યો અવતારજો, રાવણે સીતાજીનુ હરણ કર્યું, લેઇ ચાલ્યો લંકાં મોઝારજો, જઇને મુકયાં અશોક વાડીમાં, સીતાજી રૂદન કરે ને રોય જો; કૌશલપુરીમાં મારૂ કોઇ નથી, સુરપુર ગયા

દસરથ રાયજો. અયોધ્યા નગરીમાં અંધેર વળ્યું; કે કઇએ જે ધર્યુંતુ મનજો; સુખમાં રાજ કરે ત્યાં ભ્રથજી, અમારે દુખના મેરૂ ડોલ્યા જો. કપટ કર્યું એ કેકઇ સાસુએ; અમને સોંપ્યા વનના વાસજો; મુજ વીતી તે કરૂ વિનતી, ચૌદ વરસના બારે માસ જો. સીતાજી સંદેસો કોને કહીએ, સાંભળો સતી મંદોદરી નારજો. ॥ ૭॥ જેઠે જાનકીજીનુ હરણ થયું, સુની મઢીમાં ન મળે કોઇ જો; રામજી મૃગ મારીને આવીયા, રામજી રૂદન કરે ને રોય જો. લક્ષ્મણ આતે કારણ શુ થયું, આંખે આંસુ ધારા જાય જો, દુઃખમાં દુઃખ કોને કહેવાયજો, રૂધાએ દુઃખ પગટ્યું અપારજો, સર્વે મુની આશ્રમ જોઇ વળ્યા, કોઇએ દીઠુ જનકનુ બાળજો; મારગમાંહી એક ગીધ પક્ષી મળ્યો,, તેણે કહી સીતાની ભાળ-જો. આકાશ મારગે રાવણ લેઇ ગયો, ત્યાં મેં જુદ્ધ કર્યું અપાર જો; મારૂ ન ચાલ્યુ રઘુનાથજી, શુદ્ધી ના રહી શરીર જો; રામે મુકિત આપી તેહને; આ-વ્યા પંપા સરોવર તીર જો. શવરીના મનોરથ પુ-રીઆ, સ્વામી જીવણના ધારણ ધીરજો; સીતાજી

સદેસો કોને કહીએ, સાંભળો સતી મંદોદરી નારજો ॥ ૮ ॥ અશાડે હનુમાનજી આવી મળ્યા, આવી લાગ્યા પ્રભુજીને પાયજો; બેઉ કર જોડીને ચરણે નમ્યા, વાળીએ અન્યાય કર્યો મહારાજ જો. અધરમ જોઇ વાળીને હણ્યો, જન સુગ્રીવને આપ્યાં રાજ જો; નળ નીલ અંગદ ને હનુમાનજી, જોદ્ધા સર્વે ધારણ ધીર જો. જોદ્ધા પ્રત્યે શ્રી હરી બોલીયા, અહીં કોઇ લાવે સીતાજીની ભાળ જો; બેઉ કર જોડીને ચરણે નમ્યા, હનુમાનજી છે પવન કુમાર જો. તેને શોધ લેવાને મોકલ્યા, વાંદરે ભરી લંકા પર ફાળજો; આવી અશોકવન ઉભા રહ્યા; જ્યાં બેઠાં છે સીતા માત જો. મુદ્રીકા મુકી ચરણે નમ્યા, માતા હું છું તમારો દાસ જો; મુજને સોધ લેવાને મોકલ્યો, ખેમખુશળ છે શ્રી રઘુનાથજો. લંકાંપર લંકાં પરજાળીને આવ્યા સ્વામી જીવણની પાસજો; સીતાજી સંદેસો કોને કહીએ, સાંભળો સતી મંદોદરી નાર જો. ॥ ૯ ॥ શ્રાવણ માસે સાહર તીરે આવીયા, અઢાર પદમ સેના કરી તૈયાર જો; જોરાવર જોદ્ધાઓ ત્યાં તેડાવીયા, નર વાંદર

શું માયા મેલીજો. નળ નીલ અંગદ ને હનુમાનજી, જોદ્ધા આવ્યા લંકાં મોઝાર જો; સાંમા સાંમી જોરા વર જુદ્ધે હણ્યા, અતિ બળ જોયાનો સંગ્રામ જો. નિશાચર માર્યા બહુ જાતના, ધરતી ધ્રુજી ધનુષ ટંકા રજો; જોરાવર કુંભકરણ જુદ્ધે હણ્યો, ઇંદ્રજીત માર્યોછે એ ઠામ જો. શેશનાગ પાતાળે શરસળ્યો, રાવણ માર્યો છે એ ઠામ જો; દયાળે દેવનાં બંધન છોડાવીયાં, સ્વામી જીવણના જે જે કાર જો. સીતાજી સંદેસો કોને કહીએ, સાંભળો સતી મંદોદરી નારજો ॥ ૧૦ ॥ ભાદરવે વીભીક્ષણ દાસને, રામજીએ આપ્યાં રાજ્ય આસનજો; મંદોદરી સભામાં આવીયાં, કરવા હરી ચરણે દરશનજો. મંદોદરી કહેછે મહારાજને, દુષ્ટ હતો એ રાવણ રાય જો; પ્રભુ પરતાપ તમારો ન જાણીયો, એવાં ફળ પામ્યો અન્યાય જો. સુખપાલમાં સીતાને બેસાડીને, તેડીલાવ્યા હનુમાન વીરજો; સીતાજી સંદેસો કોને કહીએ, સાંભળો સતી મંદોદરી નારજો.॥૧૧॥ આસો માસો આનંદ વધારીએ, આજ મારે દીવાળીના દિન જો; પુરમાં સુખના સાગર રેલીઆ, પ્ર

પુલ્કિત થયાં સર્વનાં મન જો. હસ્તી ઘોડા રથ શણગા-
રીયા, દોરી લીધા કુંજળ ઘોડાંજો; વ્રજવાશી દર્શને
ચાલીયાં, કરવા હરિ ચરણે દરશન જો. દુંદુભી ના-
દ કરે સૌ દેવતા, પુષ્પની વૃષ્ટિ અવધ પર થાય જો,
જે જે શબ્દ સૌ બોલી રહ્યા; સ્વામી જીવણના જયકાર
જો; સીતાજી સંદેસો કોને કહીએ, સાંભળો સતી મં
દોદરી નાર જો. ॥ ૧૨ ॥

पंदर तिथिओ

પડવે તમે પ્રથમ જુવો પરિક્ષા, નથી રહ્યા કંસ રા-
વણ સરખા; મુરખ મન સેસાદોને ત્રસના. ભજીલોને
સીતાવર સ્વામી. બીજ વિના અંકુર છે અરણી, ધ-
રણી વિના સૌ મિથ્યા કરણી; ભક્તિ વિના સૌ
જુઠી સૌ કરણી. ભજી૦॥ ત્રીજે તે તાપ તુજને
ભારી, તેમાં શું બેઠો વિશ્વાહારી, સીર ઉપર કાળ
રહ્યો ધારી. ભજી૦ ॥ ચોરાશી ચારે ખાંણ ફરવી, નવી
નવી દેહ પડે ધરવી; તે માટે સત સંગ કરવી. ભજી૦

॥ પાંચે ચોર પાધરમાં લુંટે, વિસ્વાસિઘાત કરી ખુ ચે; સબંધી તાહારા દેહતણા લુટે. ભજી૦ ॥ છઠે શું બેઠો વિશ્વાહારી, અવધ પોતી તાહારી આવી; સંતો ઉપર કોઇ ન શકે નાળી ભજી૦ ॥ સાતે સાગાં ભેળા થઇ જોશે, સબંધી તાહારા દેહ તણા રોશે, હો હો પ્રાણી તાહારી હાંશિથસે. ભજી૦॥આઠામે નિશ્ચે નથી રેહેવું, વિવેક વિચાર કરીકહેવું; તે માટે રામનુ નામ લેવું. ભજી૦॥ નમુકે કાળ શત્રુ કોને, દયા દાન ભકિત આપો સઉને; સુલભછે ભાઇ રામ ભજે તેને. ભજી૦ ॥ દુસ્મન મોયલાને વારો, આગળ નથી ઉગર્યાનો આરો; મેલી દે પ્રાણી મુવાતણો ચાળો ભ-જી૦ ॥ એકાદશી આશરો કરીએ, તન મન ગુરૂ ચર ણે ધરીએ; મન મુકી ભવસાગર તરીએ. ભજી૦ ॥ બારે ભેદર બારપોર રેણી, રેણી વિના સર્વે મિ-થ્યા કેણી; ભકિત વિના સૌ જુઠી કરણી. ભજી૦ ॥ તેરશ દુર્લભ છે દેવને, તેરસા રૂદે વસે શીવને; શુલભ છે ભાઇ રામ ભજે તેને. ભજી૦ ॥ ચૌદે લોક ભાગે ઘડે પળમાં, વિચાર કરી લે તારા મનમાં; શુ મોહી

રહ્યો રખ્યાના તનમાં. ભજી૦ ॥ પંદર તથ પુરીરે થાશે, ગાશે તેને જ્ઞાન પ્રગટ થાસે, સુલભ છે ભાઇ હરિ ચરણે જાશે. ભજીલ્યોને સીતાવર સ્વામી. ॥

ધોળ.

જીરે ધન્ય ધન્ય આજરે, ॥ આતમારામનું રાજરે;॥ કંઇ એકનાં કારજ સરી ગયારે, ॥ જીરે તુટેલી સગાઇરે. ॥ કરી લો મારા ભાઈ રે; આજના વવાયા જીવ કાંહાં જશોરે. ॥ ઉથલો ॥ સુરતી બાઇનો વીવા કરવા જોવા ચાલી ઠાંમ; ॥ પીંડ બ્રહ્માંડ વર શોધિયો, સાથે બાપ વીવેકનામ ॥ ૩ ॥ ઢાળ ॥ જીરે જોયાં જોયાં જોયાં રે; સાત પાતાળરે, અવનીના માળરે. તોયે પણ તાળ આવ્યો નહીરે; ॥ ૪॥ જીરે ત્યાંથી હું તો ચાલીરે, કરીને વીચારરે. ઇંડ પારરે; અટલ પુરૂષ પાસે આવીયાંરે. ॥ ૫ ॥ ઉથલો ॥ જઇને ત્યાં ઠામ જોયો; વર રૂડોરે વીશાલ જલહલ જ-

લહલ છલકી રહે, ત્યાંહાં કષ્ટ નહી આવે કાલ ॥ ૬॥
ઢાળ ॥ જીરે મનની કીધી મોરરે; ચીત નાળી યેરરે, અલખ પુરૂષ ને આપીયાંરે. ॥ ૭ ॥ જીરે જોયા મહારાજરે; સરોયાં સર્વે કાજરે, વીવાહ કરીને અમો આવીયાંરે. ॥ ૮॥ ઉથલો ॥ વેળાસર તો વીવા કોધો; ક્ષણું ન લાગી વાર, કર્મ વીના કોઇ નવ મળે, સુરતી તે ભાગ્યે અપાર. ॥ ૯॥ ઢાળ ॥ જીરે કંકોતરી લખાવોરે; દેવતાને કહાવોરે, વીવાએ વેહેલા સર્વે આવજોરે. ॥ ૧૦॥ જીરે બ્રહ્માજી ત્યાં આવ્યારે; મારે મને ભાવ્યારે, માંડવડો તે રૂડો ચોકાવીયોરે. ॥ ૧૧ ॥ ઉથલો ॥ ધર્મની ચાર થાંભલી; દેહી પાક પીપળ પાંન, નાડાં તે નરમાઇનાં, ખંભે તે બાંદ્યાં જાંણ. ॥ ૧૨॥ ઢાળ ॥ જીરે માંડવો ચોકાવીરે, તરવેણીમાં આવીરે; અંમરાપુરના ઢોલીડા તેડાવીયારે. ॥ ૧૩ ॥ જીરે સૈયરો બોલાવીરે; મંગળ ગવરાવીરે, જ્ઞાનના ગોળ વેંચાવીયારે. ॥ ૧૪॥ ઉથલો ॥ માંડવો મહા સુંદીર; માયાથી વળી બહાર, દાસપથું દળ ત્યાં રેહે. સદા ઇંદ્રની પાર. ॥ ૧૫ ॥ પદ ॥

ચાલ ॥ ત્યાં તો સૈયર સર્વે આવેરે. રૂડાં આનંદ મંગળ ગાવેરે; ગમ ગુજરાં લેવાને આલીરે, સાચાગુરૂનો શબ્દ ઝાલીરે, ધર્મ કર્મ અઙ્ગાંણું લીધુંરે. તે તો મતીરે કુંભારને દીધુંરે, પેહેલા ત્રણ કરા ત્રણ ગુણરે, પછી ચાર કરી ચારખાંણરે. ॥ ૨॥ એ તો સાત હુવાં પુરાંણરે; લેઇ ગુજરાં ઘરમાં આવીયાંરે, રૂડે માંડવે સોવરાવીરે, ચાર જુગની ચોરી બનાવીરે, તે તો આપે બ્રહ્માજીએ આવીરે. ॥ ૩॥ ફરતાં ગુજરાં મેલ્યાં માંહીરે. વચે લાકડું રોપ્યું ત્યાંહીરે, તે તો દેહીનાં અનમાંન જાંણરે, માંહી રચ્યો ભુલવણીનો તાણોરે. ॥ ૪॥ ચતુરાઇના ચોખા વેરાવોરે; જંવાનીના જવ તલ લાવોરે, માંહી બ્રહ્મઅહ્નની ચેતાવોરે, માંહી ગરવનાં ઘી હોમાવોરે. ॥ ૫ ॥ અજ્ઞાંનનાં ઇંધણાં લાગેરે; ત્યારે આત્મા માંહીથી જાગેરે. બુધીબઇ ઘર સાંતક કરશેરે. ॥ ૬॥ ત્યાંતો વેદ બ્રહ્માજી ઓચરશેરે; બહુ ઢોલ વાગે રણતુરરે. ॥ ૭॥ ત્યાં તો જોવા મળ્યા સંત સુરરે; માંહી અનહદ નોબત વાગેરે, ત્યાં તો અખંડ બ્રહ્માંડ ગાજેરે, ભુંગ-

વાગે ભેર ભુગળ ને ઘડીયાળાંરે, વાજે શોભીતાં અતી રશાળરે. ॥૮ ॥ ગ્રહશાંતીક એ રીતે થાયરે, ત્યાંહાં તો દાસપથુદલ જાયેરે ॥૯॥ ચાલ ફરે ॥ સતગુરૂ શાંનનો શરવો કીધો, આત્મારાંમે હાથમાં લીધો, એમ કરી અગ્ની વધાવીયોરે. ॥ ૧ ॥શોક સોપારીશરવામાંદેઈ, સંક્ષેનુશ્રીફળહાથમાંલેઇ,જવાંનીનાજવતલહોમીયારે. ॥૨॥બ્રહ્માના પુત્રનેદક્ષણારેઆપી;બુધીબાઈ ઘરમાંહી ચાલી, આનંદ ઘણેરો છે અંગમાંરે. ॥ ૩॥ હવે આ-તમારામ કહે વરઘો ભરાવો, વેગે કરી વેલેરાંરે આવો, આજે શૈયરો છે રંગમાંરે. ॥ ૪ ॥ સર્વે સહી-યરો કરીરે વીચાર, આવી પોહોતી જ્યાંહાં મતીરે કુંભાર, સાર બેઠાં સર્વે શોભીયાંરે. ॥ ૫॥ સંતસા-ગરમાં ગીરધારી છે દરીઓ; ત્યાં જઇ જ્ઞાનની વરઘોરે ભરીયો, તરાંરે જ્ઞાનીનાં લોભીયાં, ગ-મનો ગોતયડો અકલ વહુએ લીધો, વીચાર ભાઇ-નો ચાદર કીધો, બેઉના તે છેડા ગાંઠીયારે, ટેકને તોરણે સર્વે આવ્યાં, બુદ્ધી તે બાઈને શાદ કરા-વ્યાં, વરઘો વધાવીને આવીયાંરે, રૂડીરે રીતે વરઘો

વધાવી, શરખી શણાંગી માંડવડામાં આવી, વ-
રઘો વધાવી દેહ ફાગર્વારે, એકલ વહુ કે કુંભ ન-
હી ઉતારૂં; શર્વે થકી મારે લેવું છે સારૂં. શાખુ
સેવા અમને ભાળવોરે, સૌ કોને મન લાગ્યું છે
શારૂ, ધન્ય ધન્યરે આટલા વહુ વહુઆરૂ, જરૂર તમને
આપીશું રે, દેહ ગાંમને હવે વેગે જમાડો, મુકી
દો સર્વે બ્રહ્મણાનો આરો પશુરે લાડાલા
શંત ત્યાં વસેરે, ॥ઢાળ॥ જીરે ગાંમ જમી રહ્યુંરે,
શર્વેને કહ્યુંરે, હવે તો જાંન વેહેલી આવશેરે. જીરે
જરૂખે તે ચડીરે, જુએ ઘડી ઘડીરે. હવાણાં વધાઇ
કોઇએક લાવશેરે. ॥ઉથલો ॥અલખપુરથી જાન સુ-
ઢી, રૂડી તે રંગરોળ, અચુક બાણ ત્યાં ગરજીયાં
તોપોતણા ધમરોળ: ઢાળ ॥ જીરે વાડીઓ તે રૂડી
રે. દીસે રંગ રોળીરે, હવેઓ તે ઉડે અસમાંન-
માંરે. જીરે ચમમની જાંનરે, મહારૂપવાંનરે, જો-
ને તું તારા ભાંનમાંરે. ॥ઉથલો ॥ હરખ કેરે હાથીયે
બેઠા તે પુરુષગ્રહ, ॥ સાચા તે શંત ચમર કરે, તે.
નો કોઇ ન જાંણે મરમ, ઢાળ ॥ જીરે નવશાહસ્ત્ર

ઘોડારે, દશ રથ જોડારે, તેણે મારગે તે તો ચાલી સારે, જીરે તેનાં બેઠા જોગીરે, નવ હોય રોગીરે, શબદના નેજા રાતે ઝાલીયારે. ॥ ઉથલો ॥ તરવેણીમાં તેજ રોપ્યું, અજંપાનીશાન, અનહદ નોબત સાંભ-ળાગી, પછે શાહેરમાં થયું જાણ, ॥ ઢાળ ॥ જી-રે; સામૈયું લો સારરે, ઇંગલા પીંગળાનાર રે ત્રી-કુટી તખતે જાન ઉતરીરે, જીરે પ્રેમનાં પાથર-ણાંરે, મહારંગ વરણાંરે, સાંધો નહીરે એક સુત્રનાં-રે, ॥ ઉથલો ॥ લગનના ઢાળ્યા તકીયા, માંહ્ય મ-ન ઢોળેવાય, હુકમ માગે હરી કને, પછીજાંનજમવા જાય. ॥ઢાળ ॥ જીરે. પ્રેમની પરશાળો, માંડવડો વિ-શાળરે, જાન તે તરત બેશી ગઇરે, જીરે હેત પક-વાનરે, પીરશાં સરવે જાનરે, જરૂર જલેબી મીઠી સહીરે, ॥ઉથલો ॥ શાક કીધાં સુભ કરમનાં, માંહે મરમ મોહો દ્રાક્ષ, રસોઇ રૂડી રીતની, માંહે નાના વીધીના પાક, ॥ ઢાળ ॥ જીરે ભાવે કર્યા ભા-તરે, કહુ છું સાચી વાતરે, ધીરે તે જરૂર જમા-ડીયાંરે, જીરે અમરીત પાણીરે, પીઓ સરવે જા-

ણીરે, જાન જમીને ગઇ વાડીએરે,॥ ઉથલો ॥ જ્ઞાન કેરો કયલુવો આરોગ્યા, આતમરામ દાસપથુ દક્ષ ત્યાં રહે, સદા તે ગગનમંડળ ગામ ॥પદ ॥ ચાલ ફેર ॥ હરી ભલે આવ્યારે, અલ્લબેલોજી આવીઆ, વાલો ભલે આવ્યારે, અલબેલોજી આવીયારે, તોરણ આવ્યા છે નાથ મારો, ઉભા રહ્યા છે ત્યાંય, સરવે સૈએરો ત્યાં એમ કહેરે, હવે જાવુ હરીની પાસ, હરી ભલે આવ્યારે, અલબેલોજી આવીયારે, ચાર શરીયા ચાર ખાંણના, પીંડી તે પંડજ અજાણ, હરી ઉપર ઉશેટ જેરે, ત્યારે જાણેશ ઘટનો મરમ, હરી ભલે આવ્યારે, અલ્લબેલોજી આવીયા, મુશળુ તે મારનુરે, જુંશરૂ તે જાણ, ત્રાકત્રી વીધો માયા જાણજેરે, તીર નાંખશે પરોવી વારોવાર. હરી૦ હરી ઉપર વાંસ વાળજેરે, બાળજે અસુભ કર્મ, કબુધી કોડીઆં ભાગશેરે, ત્યારે જાગશે ઘટનો મર્મ. હરી૦ બુધીબાઇએ હરી વધાવીયારે, આવ્યા મંડપ માંય, સાળો કરોધ માંડવે ચઢયોરે, હરીને ખાળી રહ્યો છે ત્યાંય, હરિ૦ રેરે કરોધ તું ફેલ

કરતો. લેને તારેલાગ, સંતપર તે ચાલે નહીરે, તા-
રા વેદીએ ન ટકે પગ, હરી૦ અરધ ઉરધ ચોરી
રચીરે અગ્ની ચક્ર કેહેવાય,સાવધાન તોસૌસંતકહેરે,
તેહેનો ભેદ મુનીજન પાય. હરી૦ અમર કાંકણ
પેહેરીયાંરે, સુરતી બાઇને હાથ, વીચાર ભાઇને
પધરાવીયારે, ત્યારે જાત મટીગઇ ભાત. હરી૦ અ-
મર ગાંઠણ ગાંઠીયાંરે, આતમારામે ત્યાંય, વળતી
મંગળ વરતાવીઆંરે, સુરતીએ ઝાલી પ્રભુની બાં-
ય. હરી૦ અલખ પરણ્યા પલકમાંરે, ઘડીએ ન
લાગી વાર; સૌભાગ્યવંતી સૈયર કહેરે, તેને સોપારી
આપોને સાત. હરી૦ ગણેશ તો તારી ગત્યછેરે, બી-
જું કાંઇયે ન હોય, દાસ પથુદલ ત્યાં રહેરે, જ્યાં સ-
દા માહારૂ મન માંહ, ઇતો શ્રી સુરતીબાઇનો વીવાહ
સંપુર્ણ.

શ્રી જાનકીજીનો વિવાહ

પદ ૧ લું.

સવસ્તશ્રી અવધપુર ઉતમ ગામરે, આનંદ મંગળ દશરથ રાયનુ ધામરે. ॥ ૧ ॥ પ્રગટ્યા પ્રભુજી સરવેને સુખ દેવારે, ભવમાં ભુલ્યા તે શું જાણે એવારે. ॥ ૨ ॥ લોક સરવે તો મોહ્યા રૂપ નિહાળીરે, માસ દિવસ એક ભાનુ રહ્યો છે ભાળીરે. ॥ ૩ ॥ આનંદ શોભા ઈંદુ બાણ વિશેખીરે, નાથ રતીનો લજા પામે દેખીરે. ॥ ૪ ॥ વિશ્વામિત્ર યજ્ઞ તણુ દુખ જાણીરે, આવ્યા રઘુવર હરીને જોવા નાંણીરે ॥ ૫ ॥ માત પિતાએ કર ઝલાવ્યો હાથરે, રામ લક્ષમણ બેઉ ચાલ્યા મુનીવર સાથરે. ॥ ૬ ॥ અસુર તાડીકા મુવા હુ સંધારીરે, ચરણ રજથી ગૌતમ અબળા તારીરે. ॥૭॥ મીથુલાપુરમાં માહા જંગ માંડ્યો હોવારે, તુળશી સુતના સાંમી આવ્યા જોવારે. ॥૮॥

પદ ૨ જું

જનક પુરની નરનારી સહુ મોહીરે, આ જો બેની નઉતમ જોડીકોઇરે; કમળકેસરી હંસ બચ્ચાની ચાલરે,

નેણુમીરજને ચંદન ચરચ્યાં ભાળરે. ॥ ૧ ॥ શ્યામ પુરૂશ તો સીઆ સમોવડ સોહીએરે, આ જુગમાં તો અવર બીજાનહિ કોઇરે; શુંકરીએ જો જનક રાયને ટેક રે, વેરણ વીધાતાએ અવળા લખીયા લેખરે. ॥ ૨ ॥ બીજે દિવસે બાગ ગયા શુભકારીરે, ગવરી પુંજવા આવ્યાં જનક કુવારીરે; સજન ઓટમાં ગૌર શ્યામ મુખ જોઇરે, નેણ ચકોરી મુખ ચંદાને મોહીરે. ॥૩॥ શીવ બ્રહ્મા હું માગુછુ તમ પાસરે, મારા મનની પુરણ કરજો આશરે; એમ કહીને સરવે આવ્યા ઘેરરે, તુળશી સુતના સ્વામી જાગે પેરરે. ॥ ૪ ॥

પદ ૩ જું.

એહેની જનકપુરી છબી જોઇને મોટા મોહ્યારે કાંઇ સુરીનર શેષ, જનકપુર વાજાંરે વાગીયાં. જોવા ધનુષ જગનનેકારણે; બાહુ આવ્યારેત્યાં ભુપનરેશ. જનકપુર૦ ॥ રાજા જનકે તે કુંવર બોલાવીયા, રાયે દીધાંરેઘણાં આદરમાંન. જનકપુર૦ ॥ એક સીંહાસન અતિસે શોભતુ, તે પરસોહિએરેનટવરભીનેવાન.નૃપકોટીકોટી આગીઆ,જ્યાતેમધેજેમસુરજપ્રકાશ.જનકપુર૦॥ત્યાં

તો અગણિત તારા ઉદેથયા, તે મધેરેજેમશશીઅલ ભાં ણ. જનક૦ ॥ જેણે રામ રૂપને ઓળખ્યુ તજી ચાલ્યા સૌમનતણી આશ. જનકપુર૦॥ એવી સુંદીર શોભારે જોઇને, ગુણુ ગાયરે નીત તુળશીનો દાસ. જનકપુર વાજાંરે વાગીયાં. ॥

પદ ૪ થુ

બેહેની જનક લલી સંગ લેઇને આવીરે અબળા ત્યાં અનંત અપાર. જનકપુર નગ્ર સોહ્યામણું. નારી અરસપરસ વાતો કરે; જ્યારે નરખ્યારે પ્રભુ પ્રાણ આધાર. જનકપુર૦ ॥ હેલી એ વર સરસ સોહામણો, જોડી સોહીએરે સીતા રામની જોડ, જનકપુર૦॥ ત્યારે એક સખી એવું ઓચરી, કુંવર કોમળરે શીવ ચાપ કઠોર. જનકપુર૦ ॥ જોઇ રઘુવર રૂપ ભુલાં પડ્યાં, આવી ઊભારે સો દેવ વૈમાન. જનકપુર૦॥ અતિ સુંદર શોભારે જોઇને, તાસાં ગડગડીયાંરે અતિ ગગન નિશાન. જનકપુર૦ ॥ કર જોડી કરે સહુ વિનતિ વીધી રાખજોરે અમો રંકનું માંન. જનકપુર ૦॥ સ્વામી તુળશી સુતનેાાંઅહાંવરે, ત્યારે પામીયેરે અ-

મે અવિચળ દાન. જનકપુર૦ ॥

પદ ૫ મુ.

જનકરાયના મંડપમધ્યે ત્રબંક મુકયું શીવનુંરે. રાવણ સરખાહારી નાઠા ત્યાંશુ ચાલે જીવનુંરે; ગહા મહિપતિ તો ક્રોધે ભરાયા, ઉઠ્યા છે સમ ખાઇરે; જોર જણાવેરે જુગતે ઝાઝુ, સનમુખ આવ્યા ધાઇરે; રાજ બીજ તો હોય અભિમાની, સાથે ઉઠયા સર્વરે. હાલ્યુ નહીં તે હારી બેઠા, મેહેલી મનનો ગર્વરે; જનકરાયને જ્વાળા લાગી, બોલ્યા સૌને જોઇરે. આ જગતમાં ક્ષત્રી રાંડે જનમ્યો નથી કોઇરે, રીસ કરીને લક્ષમણ કહે છે રાજા એ શો વાંણીરે; આ અવની ને ધનુપ તારૂ, લેઇને બોળુ પાણીરે. આબ્રામંડળ ફોડી નાખુ કાચા કુંભ જેવુંરે, બાણ ચઢાવે કમળ નાળ તે મારે મન છે એવુંરે, રામઅનુજને શ્રીરાઘવજી સાનકરે છે છાનીરે, તુળશીસુતનાસ્વામી કેરીમરજાદાલ્યાંમાનીરે.

પદ ૬ ઠુ.

ચીત્રલખ્યા સા દીઠા સર્વે જનકપુરના લોકરે, પ્રાણપતિએ મનમાં જાણુ મોહ માયાને શોકરે; વિશ્વામિત્રે

આજ્ઞા આપી, ઉઠયા રઘુવીર રાયરે. ક્રોધ કરીને બાળ કેશરી, કરીવર સાંમો ધાયરે. પુરવાશી કે શીવ સનકાદિક કરજો હમારી સાહરે, ગણપતિજી ગુણના સાગર કોદંડ કુણુ થાયરે; ફુલ દડાની પેઠે હરિએ ત્રંબક લીધુ હાથરે; સહુ દેખંતાં ખેંચે તાણે અવધપુરીનો નાથરે, જેમ ગજરાજ ઇક્ષુ તોડે એવા કીધા ટુકરે. દુષ્ટ હતા તે હારી દુઃખ પામ્યા હરીજન પામ્યા સુખરે; ટંકારામાંર વિના રથના ઘોડા મારગ ભુલ્યારે, જોગેશ્વરના તાળીછુટી ધ્યાન ભજનથી ભુલ્યારે, ત્રેરા કોરા શેશ સરીખા ફાળ પડી છે તેનેરે; દશ દિશાના દીગપાળ ડોલ્યા ધીરજ ના રહી કેનેરે, હેત કરીને જનક કુંવારી આરોપે વરમાળરે. તૂળશી સુતના સ્વામીને તો જેમ નિરખે મૃગ બાળરે.

પદ ૭ મું.

